વર્ષ - ૧
યુગાબ્દ : ૫૧૧૭

॥ જય મહેશ ॥

અંક - ૨
એપ્રિલ - ૨૦૧૫


# ઢાટ માહેશ્વરી સંદેશ

## ત્રિ-માસિક પત્રિકા

રજી. નં. : F13026/ABD

: પ્રકાશક :

ઓલ ઈન્ડીયા ફેડરેશન ઓફ ઢાટ માહેશ્વરી સમાજ



# પાલનપુર ખાતે ૨૦૧૫ માં યોજાયેલ
# 'પરિવર્તન' પ્રોગ્રામની ઝલક


















# || ગણગોર વન્દના ||

ઈશ્વર ને ભજી લ્યો ગવર ને ભજી લ્યો
ભજતા સુખ બહુ થાય છે ભાઈલા

મૂરતિ એની મંગલકારી
નિરખી ને નયનો ધરાય રે ભાઈલા

ઝગમગ જયોતિ નિશદિન ઝળકે
તેજ   તણો નહીં પાર રે ભાઈલા

થરી કુળના ઈષ્ટદેવ તમે
કરુણામય કિરતાર રે ભાઈલા




ઈશ્વરદેવ ને શરણે જતા
હદયમાં આનંદ થાય રે ભાઈલા

પુન્ય પવિત્ર નામ છે એનુ
નામથી મંગલ થાય રે ભાઈલા

ગવરદેવી દિલના દયાળુ
ભજતા દુખડા જાય રે ભાઈલા

વંદન ઈશ્વર દેવ ને કરીને
ભકતો વારી વારી જાય રે ભાઈલા

## તંત્રી સ્થાનેથી..
# ગણગોર સમીક્ષા



ગણગોર નો તહેવાર ગામે ગામ, રંગે ચંગે ઉજવાયો. નાના મોટા સહુ લોકોએ આ તહેવાર નો  આનંદ માણ્યો.  તહેવારો આપણા જીવન માં ઉત્સાહ અને આનંદ ભરી દે છે.  ખાસ કરી ને ગણગોર નો તહેવાર દર વર્ષે જયાં થરી સમાજ ના લોકો વસવાટ કરે છે ત્યાં આનંદ પુર્વક ઉજવે છે.  ૧૬ દિવસ ચાલતા આ તહેવારમાં  લોકો ઉત્સાહ ભેર ભાગ લઈ તહેવાર ને અનેરો બનાવે છે અને જયારે છેલ્લે દિવસે ગવર ની વિદાય નો પ્રસંગ આવે ત્યારે ખરેખર આપણી પોતાની દિકરી ને  સાસરે મોકલાવતા હોઈએ તેવી લાગણી થાય છે. ખરેખર તહેવાર ની મજા સામુહિક માણીએ ત્યારે તેનુ મહત્વ અને ઉત્સાહ અનેક ગણો વધી જાય છે, પરંતુ અમુક નીચે જણાવેલ વિશેષ પાસાઓ પર ખાસ ધ્યાન દેવાની ખાસ જરૂર છે.

૧) સમાજ નો તહેવાર છે તો  સમગ્ર સમાજ ના સહયોગ થી ઉજવવો જોઈએ.

૨) એક જ દિવસ માં ત્રણ-ચાર વખત ઠંડા પીણા, આઈસક્રિમ રાખીએ છીંએ ત્યારે વસ્તુ  નો બગાડ ન થાય તેના પર ખાસ ધ્યાન દેવાની જરૂર છે.

૩) જયાં પ્લાસ્ટીક ના ગ્લાસ વાપરીયે છીએ ત્યાં જો શકય હોય તો સ્ટીલ ના ગ્લાસ વાપરવા જેથી સમાજને કચરા અને પ્રદૂષણ મુકત બનાવી શકાય.

૪) જયારે તમો ઠંડા પીણા, આઈસક્રિમ, શરબત, જયુસ વગેરે ખાઓ-પીઓ છો ત્યારે કચરો અને ડીશો મૂકવા માટે યોગ્ય વ્યવસ્થા કરી સફાઈ અભિયાન ની જુંબેશ માં યોગદાન આપી શકાય.

૫) કેટલાક લોકો એવા છે કે જેને માનતા રાખી હોય કે અમે ગવર પરણાવીશુ તો એવા લોકોને ધ્યાન માં રાખી અને તેને અનુરૂપ કાર્યક્રમ ની ગોઠવણ કરી, સમાજે તેમની ઈચ્છા પૂર્ણ કરવા માં મદદ કરવી જોઈએ.

૬) સમગ્ર તહેવાર ની ઉજવણી શાંતિમય રીતે, અન્ય ને અડચણ ન થાય તે રીતે કે તેનુ સ્વરૂપ ઉપદ્રવી ન થાય તેનુ ખાસ ધ્યાન રાખી તહેવારની ઉજવણી કરવી જોઈએ.

૭) ગણગોર પરણાવવા માટે સમાજમાં કોઈ પણ જ્ઞાતિ બંધુ તૈયાર થાય તો ઠીક નહિંતો ડ્રો પધ્ધતિ અપનાવવી જોઈએ.

## સંયોજક :: અજીતભાઈ પારૂમલ રામવાણી

હરીશભાઈ  જેઠાનંદ  લધ્ધર
વિપુલભાઈ મોતીલાલ કચોરીયા


અલ્કાબેન ભરતભાઈ ભોજવાણી
મંજુલાબેન  અમોલખરાય  કેલા

ગાયત્રીબેન હરીશભાઈ લધ્ધર

*'જય મહેશ'*

# LIST OF AIFDMS's NEW WORKING COMMITTEE MEMBERS

| S.N. | DISTRICT | PLACE | NAME OF THE W.C.MEMBER | MOBILE NO. |
|---|---|---|---|---|
| 1 | AHMEDABAD | ISANPUR | ANILKUMAR TULJARAM MAHESHWARI | 98241 58837 |
| 2 | AHMEDABAD | ISANPUR | RAJESHKUMAR RAVISHANKAR HARANI | 98790 26926 |
| 3 | AHMEDABAD | MANINAGAR | BHAWANISHANKAR HIRALAL MATHRANI | 98250 08297 |
| 4 | AHMEDABAD | MANINAGAR | BHAWANISHANKAR SIRCHAND LOHIYA | 98251 93514 |
| 5 | AHMEDABAD | MANINAGAR | MAHADEV MANOMAL KELLA | 94269 85071 |
| 6 | AHMEDABAD | NARODA | BHAWANISHANKAR ASANDAS RATHI | 94276 17024 |
| 7 | AHMEDABAD | SABARMATI | PRAVINKUMAR PITAMBERDAS BHOOTDA | 98253 88089 |
| 8 | AHMEDABAD | SANAND | DINESHKUMAR AMOLAKHDAS MAHESHWARI | 98254 63844 |
| 9 | AHMEDABAD | SHAHIBAUG | BHAVANISHANKAR GAUTAMDAS MOHTA | 98251 79055 |
| 10 | AHMEDABAD | WESTERN | DINESHKUMAR GHANSHYAMDAS CHANDAK | 98980 26588 |
| 11 | AHMEDABAD | WESTERN | KIRANKUMAR MAHADEVBHAI RATHI | 94262 13103 |
| 12 | AHMEDABAD | WESTERN | MAHESHKUMAR SHISHPAL VASTANI | 98252 68840 |
| 13 | ANAND | ANAND | KALPESHKUMAR MADANLAL CHANDAK | 98243 46834 |
| 14 | ANAND | ANAND | VASUDEV GANESHDAS BHOOTDA | 99244 55944 |
| 15 | ANAND | BORSAD | DINESHKUMAR ARJUNLAL SHARDA | 98986 71663 |
| 16 | ANAND | BORSAD | VIJAYKUMAR RANUMAL CHANDAK | 94280 77901 |
| 17 | ANAND | KHAMBHAT | GAUTAMPRASAD SWARUPCHAND MAHESHWARI | 99134 51399 |
| 18 | ANAND | TARAPUR | JAYRAMDAS CHHAGANLAL KARWA | 94094 51499 |
| 19 | ARAVALLI | MODASA | HOTCHAND MOTIRAM KELLA | 78787 68563 |
| 20 | ARAVALLI | MODASA | SUNILKUMAR KASTURCHAND CHANDAK | 94270 59296 |
| 21 | BANASKANTHA | BHILDI | MADANLAL RATANLAL MOHTA | 98251 05552 |
| 22 | BANASKANTHA | CHHAPI | MANISHKUMAR CHHAGANLAL MAHESHWARI | 94283 70065 |
| 23 | BANASKANTHA | DEESA | VIJAYKUMAR MATHURDAS KELLA | 98792 51618 |
| 24 | BANASKANTHA | DHANERA | RAJESHKUMAR CHATURBHUJ MAHESHWARI | 94270 43278 |
| 25 | BANASKANTHA | DHANERA | TILOKCHAND JIVRAJ SHARDA | 94263 35181 |
| 26 | BANASKANTHA | PALANPUR | GIRISHKUMAR MADANLAL RATH! | 94291 21464 |
| 27 | BANASKANTHA | PALANPUR | JAIPRAKASH KISHANLAL BACHANI | 98255 91935 |
| 28 | BANASKANTHA | PALANPUR | HASMUKH THIRPALDAS RATHI | 94297 22547 |
| 29 | BANASKANTHA | PALANPUR | VINODKUMAR ROOPCHAND MAHESHWARI | 94288 44702 |
| 30 | BANASKANTHA | SIHORI | SUJITKUMAR JAIRAMDAS RAMWANI | 98252 19802 |
| 31 | BANASKANTHA | THARAD | SHRAVANKUMAR UTTAMCHAND MAHESHWARI | 98242 47850 |
| 32 | CHHOTA UDEIPUR | BODELI | JAISHANKAR GORDHANDAS RATHI | 84017 05054 |
| 33 | GANDHINAGAR | MANSA | HARISHKUMAR UTTAMCHAND RATHI | 98254 56277 |
| 34 | KHEDA | KAPADWANJ | NARESHKUMAR RANJOMAL KADWA | 98254 70508 |
| 35 | KHEDA | NADIAD | GIRDHARILAL KHATAUMAL MAHESHWARI | 99042 64314 |
| 36 | KUTCHH | GANDHIDHAM | HARISHKUMAR JETHANAND MAHESHWARI | 98252 26249 |
| 37 | KUTCHH | GANDHIDHAM | RAVIPRAKASH BHOMRAJ JAGANi | 98250 90178 |
| 38 | MEHSANA | KADI | RAVISHANKAR BEKHATMAL MOHTA | 94082 25878 |
| 39 | MEHSANA | KADI | SHANKARLAL OMKARMAL KELLA | 98250 26206 |
| 40 | MEHSANA | VIJAPUR | VINODKUMAR BEKHATMAL MAHESHWARI | 98989 84366 |
| 41 | MORBI | MORBI | VIMALKUMAR PRAKASHBHAI KACHORIA | 98256 24793 |
| 42 | PATAN | PATAN | KESHAVLAL HARCHANDRAI KACHORIA | 98252 53990 |
| 43 | SABARKANTHA | TALOD | MUKESHKUMAR TULJARAM CHANDAK | 94273 69225 |
| 44 | SURAT | SURAT | JAYKUMAR MADANLAL SHARDA | 93751 88884 |
| 45 | SURAT | SURAT | PRAKASHKUMAR LAXMANDAS LADHAD | 94265 88876 |
| 46 | SURENDRANAGAR | SNR | ASHOKKUMAR BHUPATRAI BHOOTDA | 94272 15523 |
| 47 | VADODARA | BAJWA | ABHIMANYU JASRUPDAS BHOOTDA | 98987 03852 |
| 48 | VADODARA | BAJWA | MUKESHKUMAR NANDLAL CHANDAK | 98258 02185 |
| 49 | VADODARA | VADODARA | JUGALKISHORE DHARUMAL MAHESHWARI | 94289 71435 |
| 50 | VADODARA | VADODARA | SUNILKUMAR JAGDISHCHANDRA GIGAL | 94285 88888 |




# पर्यटक नगरी जैसलमेर में ढाट माहेश्वरी समाज

राजस्थान में भी बहुत सारे लोग ढाट माहेश्वरी समाज के रहते हैं, जिस में जैसलमेर मुख्य शहर है । जैसलमेर पर्यटक नगरी हे जो राजस्थानी संस्कृति एवम् हवेलियों के लिए मशहूर है । झाली झरोखे, नीला तालाब, बाग–बगीचे आदि जैसलमेर की शान है । पहले ढाट माहेश्वरी समाज के लोग खुहड़ी, म्याजलार, सुन्दरो जेसे छोटे छोटे गांव में रहते थे ।बाद में 1964 से ढाट माहेश्वरी समाज बंधु जैसलमेर मे आकर बस गये और अपना धंधा–रोजगार चालु करके ढाट माहेश्वरी समाज की पहचान बनाई ।

ढाट माहेश्वरी समाज के यहां करीब 160 परिवार के साथ करीबन 100 दुकाने भी जैसलमेर में है । जैसलमेर में ढाट माहेश्वरी समाज के बंधुओं को आने के बाद रहने के लिए बडी समस्या थी, लेकिन समाज बंधुओ ने मिल–जुल कर यहां एक बडा खेत खरीद कर उसका प्लोटींग कर के रहने की समस्या हल करदी । आज यह वसाहत राम नगर कोलोनी के नाम से जानी जाती है, जिसमे 2 मंदिर, 2 माहेश्वरी भवन एवम् स्कुल भी कार्यरत है ।

जैसलमेर पहले तो बंझर गांव था जो आज राजस्थान का मुख्य पर्यटक नगर है । यहां पूरी दुनिया से पर्यटक आते हें और राजा महाराजा कि नगरी में राजस्थानी संस्कृति का आनंद उठाते हैं । वर्तमान में जैसलमेर 'गोल्डन सीटी' के नाम से जाना जाता है, मतलब कि राजस्थान कि शान है जेसलमेर । तो एक बार अवश्य जैसलमेर की मुलाकात लीजिये जो ढाट माहेश्वरी समाज एवम् पर्यटन दोनो का शहर है ।

**"गढ आव्रो, गढ दिल्ही, अधगढ बिकानेर भलो चुनायो भांटियोरो श्री जैसलमेर"**

## આપણા ત્રિ–માસીક તહેવારો

| | | |
|---|---|---|
| ૦૩-૦૪ શનિવાર | ચૈત્રી સુદ પૂનમ | અજળી પૂનમ |
| ૨૧-૦૪ મંગળવાર | વૈશાખ સુદ ત્રીજ | અખા ત્રીજ |
| ૦૪-૦૫ સોમવાર | વૈશાખ સુદ પૂનમ | વૈશાખી પૂનમ |
| ૧૮-૦૫ સોમવાર | વૈશાખ વદ અમાસ | સોમવતી અમાસ |
| ૨૭-૦૫ બુધવાર | જેઠ સુદ નવમી | મહેશ નવમી |
| ૨૯-૦૫ શુક્રવાર | જેઠ સુદ અગિયારસ | ભીમ અગિયારસ |
| ૧૭-૦૬ બુધવાર | અધિક માસ શરૂ | |

# रमेश कुमार भट्टड़ बने सायला ग्राम पंचायत समिति के सदस्य



जालोर जिल्ले के रेवतड़ा निवासी बाकरा रोड़ तहसील माहेश्वरी समाज के अध्यक्ष मोहनलाल पुनमचंद (जगडू) भट्ठड़ के सुपुत्र रमेश कुमार भट्ठड सायला ग्रामपंचायत समिति में रेवतड़ा से निर्दलीय उम्मीदवार के रुप में पंचायत समिति के सदस्य निर्वाचित हुए है । जालोर जिल्ले से समाज के एक मात्र व्यक्ति है जो पंचायती राज चुनावों में पंचायत समिति के सदस्य बने हैं ।

## જાણવા જેવુ :



- આંકડા અનુસાર દુનિયા ની દર છઠ્ઠી વ્યકિત ને પીવાનુ યોગ્ય પાણી મળતું નથી.
- ૭ થી ૯ લાખ લોકો દર વર્ષે પાણી ને લગતા રોગો સબબ મૃત્યુ પામે છે.
- આ પૃથ્વી પર જેટલુ પાણી છે તેમાંથી ૧% પાણી પીવા લાયક છે.

  ૨% પાણી ધરતી પર બરફ સ્વરૂપે જોવા મળે છે.
- ૭૮ કરોડ લોકો ને પીવાનું સ્વચ્છ પાણી મળતું નથી.

# પાલનપુર મુકામે યોજાયેલ કાર્યક્રમ 'પરિવર્તન-૨૦૧૫'ની ઝલક

પાલનપુર મુકામે તારીખ ૧૮ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ કાનુભાઈ મહેતા હોલ ખાતે ઑલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ઢાટ માહેશ્વરી સમાજ અને શ્રી માહેશ્વરી સમાજ પાલનપુરના સંયુકત રીતે 'બિઝનેશ ડેવલપમેંટ સેમિનાર-પરિવર્તન ૨૦૧૫' યોજાયેલ.

સંપૂર્ણ કાર્યક્રમના દાતા શ્રી ભંવરલાલ રામજીમલ ચંદીરા (પાલનપુર) હતા. ખુબ બહોળી સંખ્યામાં અંદાજે ૧૦૦૦ જેટલા માહેશ્વરી બંધુઓ અને બહેનોની હાજરીમાં ઉત્સાહભેર કાર્યક્રમ યોજાયેલ.

આ કાર્યક્રમનુ મુખ્ય આકર્ષણ એવા રીયલ લાઈફના વકતાઓ હતા. જેમના જીવનની સફળતાની વાતો સાંભળવીએ પ્રેરણાદાયી હતી. તેઓએ પોતાની રસપ્રદ વાણીમાં લોકોને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમને શોભાવનાર વકતાશ્રીઓ : **શ્રી બિહારીભાઈ મહેશ્વરી- પાલનપુર, શ્રી અભયભાઈ ગોપાણી- સુરત, શ્રી યાસીનભાઈ બંગલાવાળા- પાલનપુર, શ્રી ગીરીશભાઈ રાઠી-પાલનપુર, શ્રી ચેતનભાઈ કેલા- અમદાવાદ, શ્રી માહેરઅલી- સિદ્ધપુર, શ્રી જયપ્રકાશભાઈ કેલા- પાલનપુર, શ્રી જગ્નુભાઈ મહેશ્વરી- પાલનપુર.**

ઑલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ઢાટ માહેશ્વરી સમાજ દ્વારા શ્રી ઢાટ માહેશ્વરી સંદેશ ત્રિ-માસીક પત્રિકાનું વિમોચન કાર્યક્રમ કરવામાં આવેલ, આ પત્રિકા ભારત માં વસતા ઢાટ માહેશ્વરી સમાજનાં બંધુઓ સુધી પોંહચાડવામાં આવશે. આ પત્રિકાનાં સંયોજક શ્રી અજીતભાઈ રામવાણી, ગાંધીધામ દ્વારા માહિતી આપવામાં આવી હતી.

દિલ્હીથી પધારેલ મોટીવેશનલ ટ્રેનર શ્રી હિમેશ મદાનને સાંભળવા એ શ્રોતાઓ માટે જીવનનું અમુલ્ય સંભારણું બની ગયેલ.

પાલનપુર સમાજની ટીમે આ કાર્યક્રમનું અદભૂત આયોજન કરેલ. આયોજનમાં પ્રોફેશનલ ટચ ઉડીને આંખે વળગે તેમ હતો. શિસ્તબદ્ધ રીતે આખો કાર્યક્રમ સવારના ૮.૦૦ થી સાંજનાં ૭.૦૦ વાગ્યા સુધી દરેક જ્ઞાતિબંધુએ માણ્યો. આવા બિઝનેસ ડેવલપમેંટ કાર્યક્રમમાં શ્રોતાઓની હાજરી દરેક સમયે હકડેઠઠ હતી.

આવા કાર્યક્રમ દર વર્ષે થાય તે માટે આવનાર ૫ વર્ષના દાતાશ્રીઓ પણ નકકી થઈ ગયા. જેમાં ૧. શ્રી મહાદેવભાઈ (મોડાસા) ૨. શ્રી ગૌતમભાઈ તોલારામ કચોરિયા (મોરબી) ૩. શ્રી મદનલાલ નથુમલ રાઠી (પાલનપુર) ૪. શ્રી મદનલાલ ગીરધારીલાલ સાંજીરા (આણંદ) ૫. શ્રી પિતાંબર ભોમજીમલ રાઠી (અમદાવાદ) નો સમાવેશ થાય છે.

શ્રી કિરણભાઈ બચાણી, શ્રી મુકેશભાઈ, શ્રી વિનોદભાઈ માહેશ્વરીની આગેવાની નીચે પાલનપુર સમાજના ૮૦ થી વધુ કાર્યકર્તાઓએ સતત મહેનત કરીને આ કાર્યક્રમને ચાર ચાંદ લગાડયા હતા. સંપૂર્ણ કાર્યક્રમનું સફળ સંચાલન પાલનપુર સમાજનાં મંત્રી શ્રી ગીરીશભાઈ રાઠી, શ્રી મનોજભાઈ ભક્કર, શ્રી ધીરેનભાઈ એ કર્યુ હતું.

## કાર્યક્રમની મુખ્ય બાબતો :

- બનાસકાંઠાના દરેક સેન્ટર પર લકઝરી બસ મૂકી લોકો ને સુવિધા આપી.
- નાસ્તા તથા જમવાની વ્યવસ્થામાં અદભૂત શીસ્તબદ્ધ રીતે ઝડપી કાર્ય
- દરેક ચાર રસ્તા પર બેનર દ્વારા આવનાર મહેમાનોને સ્થળ નો ખ્યાલ આવે તે રીતે હોર્ડીંગની વ્યવસ્થા.
- વકતાઓએ વિષય ને અનુરૂપ પોતાનું વકતવ્ય રાખેલ.
- દરેક ભાગ લેનાર વ્યકિતને વ્યાપાર ધંધા માં ઉપયોગી થાય તેવી માહિતી પુસ્તિકા તેમજ કીટ આપવામાં આવેલ.
- સમગ્ર કાર્યક્રમ દરમ્યાન કોઈ પણ વ્યકિતએ પોતાનું સ્થળ ના છોડયું.
- બિઝનેશ તેમજ ઈન્ડસ્ટ્રી ને અનુરૂપ સ્ટોલ.
- હિમેશ મદાન - મોટીવેશન ટ્રેનર ને સાંભળવા લોકો ખૂબ ઉત્સાહિત હતા. તેમણે પણ પોતાની આગવી અદામાં શ્રોતાઓને પોઝીટીવ વિચારસરણી માટે પ્રેરિત કર્યા.
- કોમ્યુનિટીની ભાગીદારીથી ધંધા રોજગાર માં સમાજના દરેક વ્યકિત આગળ વધી શકે તેવી નવીન વિચારસરણી ની ચર્ચા.
- ૬૦૦ થી વધુ લોકો એ પોતાના લેખિત અભિપ્રાય આપ્યા.
- દર વર્ષે અલગ અલગ વિષય પર દરેક જિલ્લા માં આવા કાર્યક્રમ થાય તેવી લોકલાગણી.
- બહેનો તેમજ યુવાનો માટે અલગ થી કાર્યક્રમ થાય તેના સંદર્ભ માં ચર્ચા.
- દાતાશ્રી ની જીવન ઝરમર તેમજ સન્માન વખતે લાગણીસભર દ્રશ્યો.

ફેડરેશનના પ્રમુખ શ્રી કિરણભાઈ તેમજ પાલનપુર સમાજ પ્રમુખ શ્રી પ્રકાશભાઈ માહેશ્વરીએ તમામ મહેમાનોને આવકાર્યા હતા. આ કાર્યક્રમ માં ગુજરાત રાજ્ય નાં ભૂતપૂર્વ મંત્રી શ્રી કાન્તિભાઈ કચોરીયા, ફેડરેશનનાં પદાધિકારીઓ શ્રી સુનિલ ગીગલ, શ્રી શંકરલાલ, શ્રી અજીત રામવાણી તથા શ્રી વિજયભાઈ કેલા વગેરે મહાનુભાવો હાજર રહેલ.

# " ચાલો યોગ-દિવસનું સ્વાગત કરીએ..."


સમગ્ર ભારત વર્ષ અને આપણા સમાજ માટે ગૌરવ ની વાત છે કે સંયુકત રાષ્ટ્રની ૬૯મી મહાસભા દ્વારા દર વર્ષ ૨૧મી જૂનનો દિવસ અંતરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાની જાહેરાત થી દરેક ભારતવાસી તેમજ દુનિયાનાં લાખો યોગપ્રેમીયો અત્યંત આનંદ અને અપાર ગૌરવનો અનુભવ કરી રહ્યા છે. ત્યારે આપણો 'થરી માહેશ્વરી' સમાજ પણ ગૌરવ અનુભવે છે.

આપણા સમાજ માટે અને ભારત દેશ માટે અત્યંત હર્ષિત થવાની વાત એ છે કે, ભારતના માનનીય પ્રધાનમંત્રી ૨૭ સેપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ સંયુકત રાષ્ટ્રની મહાસભા માં પોતાના સંબોધન માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવાનો જે પ્રસ્તાવ મૂકયો તેને અભૂતપુર્વ સમર્થન મળ્યુ.

'થરી માહેશ્વરી સમાજ' એ વાત તરફ સમાજનું ધ્યાન ખેંચવા માગેં છે કે, યોગ એ ભારતીય સભ્યતાની વિશ્વને એક મહામુલી ભેટ છે. 'યુજ' ધાતુથી બનેલા યોગ શબ્દનો અર્થ છે-જોડવુ અને સમાધિ. યોગ કેવળ શારીરિક વ્યાયામ સુધી સીમિત નથી, મહર્ષિ પતંજલી જેવા ઋષિઓના કહેવા પ્રમાણે યોગ એ તો શરીર, મન, બુધ્ધિ અને આત્માને જોડવાવાળી એક જીવન પધ્ધતિ છે. વિશ્વમાં યોગનો પ્રચાર કરવા માટે અનેક સંતો યોગાભાર્યો તથા યોગ પરિક્ષકોએ પોતાનું યોગદાન આપ્યુ છે. આવા તમામ મહાનુભાવો પ્રત્યે થરી માહેશ્વરી કૃતજ્ઞતા વ્યકત કરે છે.

યોગ દિવસ ઉજવણી તથા યોગ આધારિત એકાત્મ જીવનશૈલીનો સ્વીકાર કરવાથી સર્વત્ર વાસ્તવિક સૌહાર્દ તેમજ વૈશ્વિક એકતાનું વાતાવરણ સર્જાશે.

'થરી માહેશ્વરી સમાજ' બધાજ સમાજના બંધુઓને વિશ્વમાં વસતા ભારતિય મૂળના અને આપણા સમાજ ના સર્વે લોકો તથા દરેક યોગપ્રેમીઓને આહવાન કરે છે કે યોગનો પ્રચાર -પ્રશાર કરીને સમસ્ત વિશ્વનું ભવન આનંદમય સ્વસ્થ તથા સક્ષમ બનાવવા માટે પ્રયાસરત રહે એવી આશા સાથે શુભ કામના વ્યકત કરે છે.



## તલોદ માહેશ્વરી સમાજનુ ગૌરવ




સમગ્ર ગુજરાતના માર્કેટયાર્ડ (APMC) માં સૌથી વધુ વ્યવસાય સાથે ધમધમતા માર્કેટયાર્ડમાં નામ ધરાવતા એવા તલોદ APMC માં આપણા માહેશ્વરી સમાજના ઘણા પરિવારોનો મોટો ફાળો છે. તલોદ APMC એ તાલુકાની સૌથી મોટી સરકારી સંસ્થા છે. હાલ APMC ની ૨૦૧૫ની ડીરેકટર્સની વેપારી વિભાગની ચુંટણીમાં આપણા સમાજના અભયકુમાર આસનદાસ શાહ (ચાંડક) સૌથી વધુ મત સાથે પ્રથમ નંબર પર ચુંટાઈ આવ્યા છે. આ જીતમાં તલોદ માહેશ્વરી સમાજનો મોટો ફાળો હોવાથી આ આપણા સમાજ માટે એક સીધ્ધી સમાન છે.

## તારાપુર માહેશ્વરી સમાજનુ ગૌરવ



તારાપુર થરી સમાજનું ગૌરવ જ્યોતિ મુકેશભાઈ માહેશ્વરીને શ્રીલંકા ઈન્ટીટયુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટ, શ્રીલંકા તરફથી છ દિવસનું આમંત્રણ મળ્યુછે જે હાલે શ્રીલંકા ગયેલ છે. અખા ગુજરાતમાં થી એકજ વિદ્યાર્થીની ની પસંદગી થયેલ છે જે થરી માહેશ્વરી સમાજ તારાપુર, અમદાવાદની ગૌરવની વાબત છે.

# માતૃભાષા માં શિક્ષણની તાતી જરૂરિયાત



**'માતૃભાષા માં શિક્ષણ'** એ માનવું છે કે સ્વાભાવિક શિક્ષણ તથા સંસ્કૃતિના પોષણ માટે શિક્ષણ અને વિશેષ કરીને પ્રાથમિક શિક્ષણ, માતૃભાષા અથવા સંવિધાન સ્વીકૃત પ્રાદેશિક ભાષાના માધ્યમથી જ આપવું જોઈએ.

'ભાષા' કેવળ સંવાદ જ નહિં પરંતુ સંસ્કૃતિ તેમજ સંસ્કારોનું પણ વહન કરનારી છે. ભારત એક બહુભાષી દેશ છે. બધી જ ભારતીય ભાષાઓ એકસરખી રીતે આપણી રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક અસ્મિતાની અભિવ્યક્તિ કરે છે. જોકે અનેક ભાષાઓનું જ્ઞાન હોવું એ એક ગુણ છે પરંતુ વૈજ્ઞાનિક દ્રષ્ટિએ શિક્ષણ માતૃભાષાના માધ્યમથી લેવું એ વ્યક્તિ વિકાસ માટે આવશ્યક છે. માતૃભાષામાં ભણેલો વિદ્યાર્થી અન્ય ભાષાઓને પણ સરળતાથી ગ્રહણ કરી શકે છે. પ્રારંભિક શિક્ષણ કોઈ વિદેશી ભાષામાં લેવાથી એક તરફ વ્યક્તિનો પોતાનાં પરિવેશ, પરંપરા, સંસ્કૃતિ તથા જીવનમૂલ્યોથી સંબધ કપાય છે, તો બીજી તરફ પૂર્વજો પાસેથી પ્રાપ્ત થનાર જ્ઞાન, શાસ્ત્ર, સાહિત્ય વગેરેથી પણ સાવ અજાણ રહી ને તે પોતાની સાચી ઓળખ પણ ખોઈ બેસે છે.

માનનિય મદનમોહન માલવીયા, મહાત્મા ગાંધીજી, રવીન્દ્રનાથ ઠાકુર, ડો. આંબેડકર, ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન જેવા ચિંતકોથી લઈ ચંન્દ્રશેખર વૈંકટરામન, પ્રફુલ ચન્દ્ર રાય, જગદિશચંન્દ્ર બસુ જેવા વૈજ્ઞાનિકો તથા કેટલાક અગ્રણ્ય શિક્ષણ શાસ્ત્રીઓ અને મનોવૈજ્ઞાનિકોએ માતૃભાષાનાં માધ્યમથી અપાતા શિક્ષણને નૈસર્ગિક તથા વૈજ્ઞાનિક ગણાવ્યુ છે. સમય-સમય પર રચાયેલા શિક્ષણ આયોગો તથા રાધાકૃષ્ણ આયોગ, કોઠારી આયોગ વગેરેએ માતૃભાષામાં શિક્ષણની જ હિમાયત કરેલ છે. માતૃભાષાનાં મહત્વને સમજી ને જ સંયુકત રાષ્ટ્ર સંગે પણ ૨૧ ફેબ્રુઆરીનો દિવસ માતૃભાષાના દિવસ તરિકે ઉજવવાનું નકકી કર્યુ છે.

ભારતના સમુચિત વિકાસ રાષ્ટ્રીય એકત્મતા અને ગૌરવને વધારવા માટે શૈક્ષણિક કાર્ય તથા લોક વ્યવહારમાં માતૃભાષાનાં ઉપયોગને વધારવા માટે મહત્વની ભૂમિકા નિભાવે.

આ વિષયમાં કુટુંબની ભુમિકા અત્યંત મહત્વની છે. દરેક પાલકે પોતાના બાળકને પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં આપવાનો દ્રઢ નિશ્ચય કરે એ જરૂરી છે.

કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારો પોતાની ભાષા સંબંધી નીતિનું પુનરાવલોકન કરે અને પ્રાથમિક શિક્ષણ માતૃભાષા અથવા સંવિધાન સ્વીકૃત પ્રાદેશિક ભાષાનાં માધ્યમથી જ આપવાની વ્યવસ્થા સ્થાપિત કરે તેમજ શિક્ષણની સાથે સાથે પ્રશાસનિક વ્યવહાર અને ન્યાયપાલિકાના વ્યવહારોને પણ ભારતીય ભાષાઓમાં પહેલ કરવી જોઈએ.

જય મહેશ

# ગયા...ગયા...ગયા...

ટાંણા ગયા વાણા ગયા, ભાઈ ભાડુંને ભાણા ગયા,
હાલરડાં નાં હાલા ગયા, લગ્નનાં મગત ને ફટાણા ગયા,
કેક અને ચોકલેટ ની જીદ માં, મીસરી ને પતાસા ગયા,
બ્રેડ-પાઉંના બ્રેક ફાસ્ટમાં, ટીકલી ને દહીં ગયા,
કોલડ્રીંક ની માંગ પાછળ, થાઘેલને ના પીણા ગયા
ધોતી અને ઓઢણા ગયા, ટોપી, પાઘડી ખેસ ગયા
ફેસ્ટિવલને ડે ઉજવાતા, ત્રીજ ને તહેવાર ગયા
કોર્ટ કચેરીનાં આંટા ફેરા માં, જન થી દૂર સ્વજન ગયા
ચડસા-ચડસી ની દોડ માં, જીવન નાં મૂલ્યો ગયા

મરણ પછીનાં કાણા ગયા, બળતણ માંથી છાણા ગયા..
આઈસ્ક્રીમ ના આડંબર માં મીઠા ગોળને ધાણા ગયા..
લાપસી ગયા કંસાર ગયા, ખીર અને ખાજા ગયા...
પીઝા-બર્ગર નાં જમણ માં, ખીચ-રબળી ગયા...
પ્લાસ્ટીક ની બોટલો આવી, ઠંડા પાણીનાં માટલાં ગયા...
નિત બદલાતી ફેશન માં, પુરૂષ સ્ત્રી નાં ભેદ ગયા...
પંચ ગયા, મહાજન ગયા, ન્યાય નિતી નાં વજન ગયા...
ખોટા અનુકરણ માં સ્ભ્યતા ને સંસ્કાર ગયા...
હાલના ઘોર કલયુગ માં, આપણા તો સદ્દગુણ પણ ગયા...

**લિ. શ્રીમતી જયોતિબેન દિલીપભાઈ હરાણી-**
પ્રમુખશ્રી : ગાંધીધામ થરી માહેશ્વરી સમાજ મહિલા મંડળ - ગાંધીધામ
મો. ૦૮૯૦૫૫૮૧૮૭૬ ફોન : ૦૨૮૩૬-૨૨૭૨૯૫

# ગુજરાત-રાજસ્થાન ખાતે થયેલ ગણગોર કાર્યક્રમોનાં વિવિધ ફોટોગ્રાફી



બોરસદ



બોરસદ



મોડાસા





મોડાસા




સુરેન્દ્રનગર



સુરેન્દ્રનગર



મોરબી



મોરબી


# ગુજરાત-રાજસ્થાન ખાતે થયેલ ગણગોર કાર્યક્રમોનાં વિવિધ ફોટોગ્રાફી




પાલનપુર




પાલનપુર



માણસા



માણસા



કડી



કડી



ગાંધીધામ



ગાંધીધામ

# ગુજરાત-રાજસ્થાન ખાતે થયેલ ગણગોર કાર્યક્રમોનાં વિવિધ ફોટોગ્રાફી




બસંતબહાર કોલોની, જયપુર (રાજ.)




તારાપુર



પાલનપુર યુવક મંડળ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનુ આયોજન




પાલનપુર યુવક મંડળ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ




મણીનગર



ધુળેટી રમતા કડી માહેશ્વરી બંધુઓ



વેસ્ટર્ન અમદાવાદ ઢાટ માહેશ્વરી સમાજ પુસ્તીકાનું વિમોચન



## રુંવે રુંવે સેવા ભાવના ઠાવકુ વ્યકિતત્વ તેમજ દાનયાત્રાને જીવનયાત્રા બનાવી ગુણાત્મતા યુકત જીંદગીનો આત્મ સંતોષ માણતા શ્રી જામનદાસ ચેલારામ મુલાણી

'વડો વડાઈ ન કરે, વડાન બોલે બોલ
હીરા મુખશો ના કહે, કિ લાખ હમારો મોલ'

પરમ કૃપાળુ પરમાત્માએ વસુંધરા પર અનેક જીવોના જીવન લક્ષ્ય માં અમૂલ્ય એવા માનવ જીવને સત્કાર્યોના કુસુમોભરી જીંદગી જીવવાની તક બક્ષી છે. અને આવા માનવ દેહમાં અમુક જ વ્યકિતત્વ એવા હોય છે જે સ્વનામ ધન્ય બની રહે છે.

**આજે એવા એક ગુણવત્તા પાત્ર અને સંસ્કારિતામાં કુસુમો દ્વારા અલંકૃત માનવ એટલુ જ નહિં કહી મુઠ્ઠી ઉંચેરા માનવીની અને મુકસેવક કહું તો પણ અતિશ્યોકિત નથી એવા ઉત્તર ગુજરાતના બનાસકાંઠાના ભીલડીને કર્મભૂમિ અને સેવાભૂમિ બનાવીને જીંદગીની ઉત્તમ કોટીને પળે પળને માણતા ''શ્રી જામનદાસ ચેલારામ મુલાણીની'' વાત કહેવી છે.**

૧૫ જાન્યુઆરી ૧૯૪૪નાં શુભદિને મું ચેલ્હાર, તા. છાછરો, જિ. થરપારકર-સિંઘ પાકિસ્તાનમાં જનની રતનીબાઈ નાં ખોળે તેમનો જન્મ થયો. માત્ર તેમની બે જ વર્ષની ઉંમર માં માતા એ માતા-પિતાની બેવડી જવાબદારી નિભાવી ઉત્તમ સંસ્કારોનું સિચન કરી વ્હાલા જામનદાસને શિક્ષણ આપી જાજરમાન વ્યકિતત્વની ઓળખ આપી.

સને ૧૯૬૧ માં મેટ્રીક બાદ સિંઘ યુનિવર્સિટી હૈદરાબાદ માંથી સાયન્સ વિષયો સાથે સેકન્ડ કલાસ ઉત્તીર્ણ થયા. નિયમિતતા કાર્યનિષ્ઠા અને પ્રમાણિકતા નાં પ્રેરણાદાયી પથ દ્વારા ઉપરી અધિકારીઓનાં આદર ભાવ પામ્યા. સને ૧૯૭૬માં નિર્મળાદેવી સાથે પ્રભૂતામાં પગલા પાડી જીંદગીની બીજી ઈનિંગ શરૂ કરી. ૩૦-૦૯-૧૯૯૦નાં રોજ સિનિ. એકાઉન્ટન્ટ પદેથી સ્વૈચ્છિક નિવૃતિ લઈ પાકિસ્તાનથી સ્થળાંતર કરી ભારત આવ્યા.

સુખ-દુઃખ આપનાર પરમ કૃપાળુ પરમાત્મા એ જ શેર માટી ની ખોટ નો ખાલીપો આપ્યો, તે સામે કોઈ ફરિયાદ કે મન દુઃખ વગર માત્ર સમાજને જ પરિવાર સમજયો. રવિશંકર મહારાજ નાં જીવનમાંથી પ્રેરણા લઈ મુકસેવક બની રહેવાની નેમ સાથે રોટરી વિલેજ ભીલડી માં જોડાયા. આ જીવનયાત્રા ને સફળ બનાવવા રથ નાં બે પૈડા એવા પતિ-પત્નિ શ્રી મુલાણી નાં જીવનમાં શ્રીમતી નિર્મળાદેવીએ ખુબજ સહકાર આપ્યો.

સને ૧૯૯૮ માં આંતરરાષ્ટ્રીય સેવા સંસ્થા એવી બ્રહ્મકુમારી વિશ્વ વિદ્યાલયમાં જોડાયા. તેઓ ની સેવા ભાવના ની સુવાસ ભીલડી પંથક માં પ્રસરી, તેઓ એ ૨૦૦૧ માં નવી ભીલડી ગ્રામ પંચાયતમાં સદસ્ય બની ગામનો વિકાસ કર્યો. ૨૦૦૧-૦૨ માં રોટરી વિલેજ ભીલડી નાં અધ્યક્ષ તરીકે નિમાયા. શ્રી મુલાણી જેવા અમુકજ વિરલ વ્યકિતઓ જે સમાજ ને પરિવાર ગણી ઉમદા પ્રવૃતિઓ કરે છે. રકત દાન શિબિર યોજી અનેક દર્દીઓના જીવ બચાવ્યા છે. તો રેઈન બસેરા, મેડિકલ કેમ્પ, મુંગા પશુ-પક્ષીઓની સેવા, જરૂરિયાતમંદ ની સેવા, વૃક્ષારોપણ પ્રવૃતિ, શૈક્ષણિક સંસ્થાઓની પ્રવૃતિ વગેરે ઉડીને આંખે વળગે છે. **અનેક સામાજીક સંસ્થાઓએ શ્રી જામનદાસ મુલાણીનું સેવાકિય પ્રવૃતિઓ બદલ સન્માન કરેલ છે. વર્તમાન માં તેઓશ્રી નું નામ અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટીપદ કે જવાબદારીભર્યુ પદ શોભાવે છે.**

સને ૨૦૦૮ માં કુદરતી થપાટે એમનાં જીવનને એકલવાયું બનાવી દીધું. તેમના જીવન સંગિની નું અવસાન થવા છતા તેમણે નિરાશા ને દૂર રાખી તેમની આવી ઉમદા પ્રવૃતિએ સમાજનું રૂણ ચુકાવ્યુ છે કે પછી સમાજને રૂણી બનાવ્યા છે તે સમાજ જાણે !

તેમના આવા જાહેર જીવનનાં ઉમદા કાર્યો અને દ્રષ્ટાંતો સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ છે. શ્રી જામનદાસ મુલાણી અને તેમના દુતકર્મ ને સદાય સમૃધ્ધિ બક્ષે તેવી પરમકૃપાળુ પરમાત્મા ને નમ્ર અરજ છે.

**સંકલન :**

....... ધન્યવાદ........

**મુરલીધર ટી. જગાણી**
**કેશવલાલ એમ. ગીગલ**

# આપણુ શરીર

***ખોરાક એ સ્વાસ્થય અને લાંબો આયુ માટે મુખ્ય ભાગ ભજવે છે. આયુર્વેદ માં ભોજનના ના સાદા નિયમો નુ વર્ણન કરેલ છે જેમ કે આપણે જે ખોરાક લઇએ તે તાજો, પૌષ્ટિક તેમજ પ્રાકૃતિક રીત થી ઉગાડેલ હોય અને આપણી પ્રકૃતિ અનુસાર લેવો જોઇએ.***

૧) ઉનાળા માં માથુ દુખે, લૂ લાગે, આંખો લાલ થઇ જાય ત્યારે દાડમ નુ શરબત ગુણકારી થશે.

૨) લૂ લાગે ત્યારે કાચી કેરી છોલી ને ઉકાળવી, ત્યાર બાદ તેમાં જીરૂ, સાકર, મીઠુ, સંચળ વગરે નાખી, શરબત બનાવી પીવાથી રાહત થશે.

૩) પગ ના તળિયા માં બળતરા થતી હોય તો, દૂધી ખમણી, તેનો રસ કાઢી લગાવવો અથવા ખમેલ દૂધી પણ પગ માં બાંધી શકાય છે.

૪) ચૈત્ર માસ માં લીમડા ના કૂણાં પાનનો રસ પીવાથી આખું વર્ષ નિરોગી રહી શકાય.

૫) તુલસી ની પાસે બેસી, પ્રાણાયમ કરવાથી શરીર માં બળ, બુધ્ધિ વગેરે ની વૃધ્ધિ થાય છે.

૭) નિરાણો કોઠે તુલસી ના પાન ચાવવાથી યાદ શકિત વધે છે. ૮) હૃદય રોગ ના દર્દીએ લસણ નું નિયમિત સેવન કરવુ જોઇએ.

૯) ડાયાબિટીસ ના દર્દીએ જાંબુના ઠળિયા નુ ચૂર્ણ બનાવી તેનુ સેવન કરવુ.

૧૦) વિરુધ્ધાભાસ આહર લેવાનુ ટાળવુ, જેમ કે, દુધ ની સાથે દહી ની વાનગી, ડુંગળી સાથે ગોળકુટ સાથે દૂધ.

# મહિલા વિભાગ



## રેસીપી

### વેજીટેબલ ખીચુ ( લુંગટ )




**સામગ્રી:**

- **ચોખા નો લોટ ૨૫૦ ગ્રામ**
- **ગાજર ૧ નંગ**
- **કેપ્સીકમ ૧ નંગ**
- **જીરૂ ૧/૪ ચમચી**
- **અજમો ૧/૪ ચમચી**
- **લીલા મરચા ૧/૪ ચમચી**
- **મીઠું સ્વાદ અનુસાર**
- **તેલ ૧ ચમચી**
- **પાણી જરૂરિયાત મુજબ**

**રીતઃ–** પાણી માં લીલા મરચા, જીરૂ અને અજમો નાખી ઉકાળો. થોડુ તેલ નાખી, ગેસ બંધ કરી, અને ચોખા નો લોટ, કેપ્સીકમ, ગાજર વગરે અંદર ઉમેરી, સારી રીતે મીકસ કરી, એક થાળી માં પાથરો અને ૧૫ મીનીટ સુધી વરાળ માં બાફવા મુકવો, તે બાદ તે ખાવા માટે ઉપયોગ માં લઈ શકાય છે.

## બ્યુટી ટીપ્સ



- **મસુર ની દાળ ના લોટ ને મધ માં મેળવી લગાવવાથી ચહેરો સુંદર બને છે.**
- **વાળ માં મહેંદી નાંખતી વખતે તેમા આમળા, અરીઠા, શીકાકાઈ, મેથી નો પાવડર ભેળવો તો વાળ મુલાયમ બનશે.**
- **કેસુડા ના ફુલ ને રાત્રે બાલટી માં પલાળી સવારે તે પાણી થી સ્નાન કરવાથી તાજગી નો અનુભવ થશે અને શરીર ની ગરમી દૂર થશે.**

## બાલ વિભાગ



### વેકેશન...વેકેશન...વેકેશન...

બાળ મિત્રો વેકેશન છે. ભણવાનો બોઝો નથી, ઢગલો રજાઓ છે. સમય જ સમયે છે પરંતુ આ સમય ફકત મોજ-મજા અને હરવા-ફરવામાં તેમજ સૂવામાં ન જતો રહે તેનું ધ્યાન રાખજો.

૧. શરૂઆત થી જ દિન ચર્ચા બનાવો.
સવારે વહેલા ઉઠો. થોડુ જોર પડશે પણ ઉઠી તો જુઓ, ખરેખર આનંદ આવશે. વોકિંગ, કસરત, યોગ વગેરે વહેલી સવારે કરવાથી અનેરો આનંદ મળશે.

૨. તમારા રસનો વિષય પસંદ કરી તેમાં કંઈ નવું કરો.

૩. રોજ થોડા સ્પેલીંગ, ઘડિયા, જોડણીકારો વગેરેનું અભ્યાસ કરો.

૪. શેરી રમતો રમો, કેમ કે શેરી રમતો થકી બાળકનું ઘડતર થતુ હોય છે.

૫. ઘરકામ માં મદદ કરો.

૬. કોઈને મદદરૂપ બની શકો તેવું કામ કરો.

૭. થોડી રચનાત્મક પ્રવૃતિ કરો.

૮. આજુબાજુનાં સ્થળે પ્રવાસે જાઓ કેમ કે ફરવા જવાથી તમને વેકેશન માણ્યું તેમ લાગશે.

૯. એવું ન બને કે વેકેશન નાં દિવસોનું આયોજન કરવામાં તમે નાપાસ થઈ જાઓ.

૧૦. કુટુંબ, સમાજ, દેશ માટે વેકેશનમાં નાનો સરખો પણ ફાળો જરૂર આપશો.

# અપીલ
# આર્થિક દત્તક





અમોએ સમાજ માટે એક નવી દત્તક સેવા શરૂ કરેલ છે જેમાં કન્યાને આર્થિક રીતે દત્તક લઈ શકાય છે. આ સેવા/યોજના અંતર્ગત જે કોઈ એક કન્યા ને દત્તક લેવાં ઈચ્છતું હોય તેણે રૂ. ૨,૦૦,૦૦૦/- (બે લાખ)ની એક ફિક્સ ડીપોઝીટ આપવાની રહે છે જેનાં વ્યાજની આવક માંથી દત્તક લીધેલ કન્યાનાં ભણવાનો, પાઠ્યપુસ્તકો અને ગણવેશ/વસ્ત્રો નો ખર્ચ કરવામાં આવશે.

દત્તક લીધેલ કન્યા જ્યારે વિવાહ યોગ્ય થશે ત્યારે આજ ફિક્સ ડીપોઝીટનની મુદ્દલ રકમ રૂ. બે લાખમાંથી તેનાં લગ્નનો ખર્ચ કરાશે અને આમ એક જ વખતની દાન/ફિક્સ ડીપોઝીટ રકમમાંથી એક કન્યાને સરસ જીવન પુરૂં પાડી શકાશે અને એક અત્યંત શુભ કાર્યમાં ભાગ લેવાનું પુણ્ય પણ પ્રાપ્ત થશે.

આર્થિક રીતે દત્તક લેવાં માટે ૪ (ચાર) દીકરીઓ છે જેમાંથી એક દીકરી દત્તક લેવાઈ ગઈ છે અને હવે ૩ (ત્રણ) દીકરીઓ બાકી છે, માટે મારી સમગ્ર સમાજ ને હાર્દિક અપીલ છે કે જે કોઈ આ સેવા રૂપી કાર્ય માં જોડાવવા ઈચ્છતાં હોય તેવાં લોકો તાત્કાલિક જણાવે કારણ કે હવે પાત્ર ત્રણ જ છે અને આપણો સમાજ બહૂ મોટો છે. શરૂઆત મેં મારા થી જ કરી છે. પહેલી દીકરીની આર્થિક દત્તક ની જવાબદારી મારી છે.

**શ્રી મનુભાઈ હરાણી -અમદાવાદ**
(મો) ૯૮૨૪૦ ૫૬૬૬૧


|| શ્રધ્ધાંજલિ ||



//ૐ// //ૐ//

**LATE SHRI YUDHISTHIR VISHANDAS KARWA**
Age : 60 Date of Expire : 01-02-2015
BHILDI

.. શ્રધ્ધાંજલિ ..



//ૐ// //ૐ//

**સ્વ. શ્રી શંભુરામ દયારામ ભક્કર**
ઉ.વર્ષ : ૮૩ • સ્વર્ગવાસ તા.: ૧૧-૦૪-૨૦૧૫ • ગાંધીધામ

ગં.સ્વ. શારદાબેન શંભુરામ દયારામ ભક્કર
સુપુત્ર : શ્રી મહેશભાઈ શંભુરામ ભક્કર
પુત્રવધુ : શ્રીમતી મિનાબેન મહેશભાઈ ભક્કર
સુપુત્ર : શ્રી મુકેશભાઈ શંભુરામ ભક્કર
પુત્રવધુ : શ્રીમતી કલ્પનાબેન મુકેશભાઈ ભક્કર
સુપૌત્રી : પ્રિયલ અને ઝીનલ

જન્મ દિવસ ની **શુભકામનાએઁ**



**કુ. તન્વી જયેશભાઈ કેલા**
જન્મ તા. ૧૧-૦૪-૨૦૦૯
**૭ માં વર્ષમાં પ્રવેશ**

: શુભેચ્છક :

શ્રી પવનકુમાર ચત્રભુજ કેલા-દાદા
શ્રીમતી ઉષાબેન પવનકુમાર કેલા-દાદી
શ્રી જયેશભાઈ પવનકુમાર કેલા-પિતાશ્રી
શ્રીમતી વિભાબેન જયેશભાઈ કેલા-માતૃશ્રી
શ્રી નરેન્દ્રભાઈ ચત્રભુજ કેલા-દાદા
શ્રી ચમનભાઈ ચત્રભુજ કેલા-દાદા
શ્રી દિલીપભાઈ ચત્રભુજ કેલા-દાદા
નિકીભાઈ પવનકુમાર કેલા-કાકા
મયુર, મનિષ, કપિન, ડોલી, મન્ન,

**સંબધિત ફર્મ : જગદિશ ટ્રેડિંગ કાં., ગાંધીધામ**



જયોતિ એમ. માહેશ્વરી

શ્રીલંકાન ઈન્ટીટયુટ ઓફ ચાર્ટડએકાઉન્ટન્ટ દ્વારા મળેલ આમંત્રણ ગુજરાત માંથી એક માત્ર તમારી પસંદગી થવા બદલ

**॥ શુભેચ્છા ॥**

**ક્રિષ્ના મેડીકલ સ્ટોર**
તારાપુર : મો. : ૯૮૨૫૫ ૪૭૩૨૮
થીરપાલ માહેશ્વરી | મુકેશ માહેશ્વરી | શ્રવણ માહેશ્વરી

*With best compliments from :*

**PRAHLAD A. RATHI**
Director
+91 98250 59092

**HARESH J. MAHESHWARI**
Director
+91 98252 26249

**CHETAN A. MAHESHWARI**
Director
+91 98251 72310

Jagat

# Jagat Agrotech Pvt. Ltd.

MANUFACTURER & EXPORTER OF PAR-BOILED RICE

## : SISTER CONCERN :


**NEEL ENTERPRISE**
Manoj P. Rathi
+91 9376388883
Ahmedabad

**JAI AMBE BULK CARRIERS**
Paresh J. Ladhar
+91 9426203411
Gandhidham

**JAGAT AGRO**
Sunil P. Rathi
+91 9998491327
Ahmedabad

Regd. Off.: 8/2, Sindhi Comercial Market, Kalupur, Ahmedabad - 380 002 Gujarat, India
Work: Plot No. 1375, Naika-Radhu Road, Radhu - 387 560, Dist - Kheda, Gujarat, India
Ph: +91 7922160624 • Mobile: +91 9825172310/9426513854
info@jagatagrotech.com • www.jagatagrotech.com


|| श्री कृष्ण सरणम् ममः ||



# Pitamberdas Bhomraj Rathi

10, Pyaridevi Pitamberdass Rathi Bhavan
Priti Society, Gopal Chowk, Bhairavnath Road, Maninagar,
Ahmedabad - 380 008 (Gujarat).






**Pitambardas Rathi** - 9825166926 - (Res.) 079-25440052
**Shyamsundar Rathi** - 9428360940 - (Res.) 079-25440039
**Harishkumar Rathi** - 9426418887
**Tejprakash Rathi** - 9426441886 - (Res.) 079-25430348
**Kishorekumar Rathi** - 9416513208 - (Res.) 079-25440029

## FIRMS

**Sigma Apparels (India)**
Cotton Clothing Manufacturers
Kankariya, Ahmedabad - 22 Ph. : (079) 25452355, 25450743



**Srinathji Cotton Mills**
Cotton Fabric Knitting & Dyeing House
Narol, Ahmedabad

देवकिशन भुतडा
(एल.आई.सी. एजन्ट)
मो. : 09414206016

प्रो. हरिश भुतडा
फोन : 02992-252505

# शु-पेलेस

अे.सी. शोरुम




WOODLAND
Lakhani SHOES
action

सदर बजार, जैसलमेर

---

जन्म दिन की

# शुभकामना



62 वे सालमें प्रवेश

**श्री पुरुषोतमजी शेठ भुतडा**

पारुआनी भुतडा परिवार,
जैसलमेर

---

श्री तुलसीदासजी भुतडा



# कपिल शु कोर्नर

Mob. : 07728815319   गढ़ीसर रोड़, जैसलमेर

---

## नितेश गारमेन्ट ऐन्ड लगेज पोइन्ट

श्री रवीमराज भुतडा
मो.: 09001567943





ट्रावेलींग बैग, ट्रोली बैग, स्कुल बैग,
सुटकेश, एवम् रेडीमेड गार्मेन्टस

भुतडाजी की दुकान, मोतीमहल के सामने, जैसलमेर

---

आनन्द कुमारजी भुतडा
मो.: 09784788218

# पतंजलि चिकीत्सालय

Prefer Country made products with great zest and zeal to make the county strong



गोपा चौक, जैसलमेर • फोन : 02992-252405

---



श्री कनैयालालजी भुतडा
मो. : 09530112432

# प्रिन्स

बैग सेन्टर

श्री अशोकजी भुतडा
मो. : 09530112433

गढ़ीसर रोड़, जैसलमेर

---

## श्री जुगलकिशोरजी भुतडा

पटवारी, जैसलमेर

मो.: 09783804260

---

## श्री मदनलालजी भुतडा

खादि परिषद जैसलमेर -अध्यक्ष
जैसलमेर-पोखरण-ढाट समाज -अध्यक्ष,
श्री माहेश्वरी राजस्थान प्रादेशिक सभा -सदस्य

मो.: 09413938280 फोन : 02992-253130, 252297, 252448

---

## शेठ पुरुषोतमदास पारुमलजी भुतडा

रुई, कोटन के सप्लायर्स

गढ़ीसर रोड़, जैसलमेर
मो. : 07742681267

---

**पारुआनी भुतडा परिवार-जैसलमेर**

**समस्त शोभानी परिवार (खुहडी) भुतडा परिवार, जैसलमेर**

**रहेठाण : भुतडा हवेली, माहेश्वरी कोलोनी, रामनगर, जैसलमेर**

*With Best Compliments From*


## Rudraksh's

GANDHIDHAM

Haresh Ramwani +91 - 98252 26395
Ajit Ramwani +91 - 98252 27014
Vipul Kachoriya +91 - 98984 38531
Dhaval Kella +91 - 98251 23673

- Rudraksh Mandap Service
- Rudraksh Stationery
- Rudraksh Trading Co.
- Haresh Ramwani Fatakada & Seasons Stores
- Haresh Provision Stores
- Joshi Brothers (Petrol Pump)
- Ajitkumar Parumal & Co.

**Total Logistic Solution Under One Roof**



**Our Services :**
Stevedoring, Clearing,
Vessel Agency, Transportation

**Our In-House Transportation Division**

- o Tanker- 25 nos.
- o Hyva Tippers- 170 nos.
- o Wheel - loaders-28 nos.
- o Excavators- 37 nos.
- o Ships Grabs- 09 nos.
- o Sea Going Barges-08 nos.

## MAHESHWARI HANDLING AGENCY PVT. LTD.

Sister Concern: **OTA KANDLA PRIVATE LIMITED**

640/12C, Gandhidham - Kandla Pin 370 201
Tel: 0091-2836-230393,223228 Fax: 0091 - 2836-230575
E-mail: management@mhapl.net

Pic.: Mr. C. P. Maheshwari o 9825227111. Nandan C. Maheshwari - 9825226139, Chandan C. Maheshwari - 9825226138, Vandan C. Maheshwari o 9825226137

*With Best Compliments From :*

- JANKI RICE AND DOLVENT INDUSTRIES PVT. LTD.
- JANKI AGRO INDUSTRIES
- JAI SHIV AGRO INDUSTRIES
- SIDHHIVINAYAK AGRO INDUSTRIES
- SITA AGRO INDUSTRIES
- SHREENATHJI INDUSTRIES
- SHREE GAURI RICE MILL P. LTD.

JANKI
GOLD

॥ શ્રી ૧ ॥
॥ શ્રી ગણેશાય નમઃ ॥





Suresh Rathi (M.) +91 98250 72092
Kalpesh Rathi (M.) +91 98795 12780

## MAHADEV PULSES PVT. LTD.

Ahmedabad

मक्खन

**Mill :** 45-46, Maha Gujarat Ind. Estate, Opp. Nova Petrochem, Sarkhej-Bavla Road, Moraiya, Ta. Sanand, Dist. Ahmedabad. Ph. : 02717-294564 E-mail: mpulsesl @gmail.com

**Off. :** 45/2, Kabutarkhana, Chokha Bazar, Kalupur, Ahmedabad.
Phone : 079-22162145 Web.: www.mahadevpulses.com

## M/s. Kirankumar & Co.

Mehta Market, Surendranagar (Guj.)

Kirankumar M. Rathi M. : 94262 13103
Dinesh K. Rathi M. : 94264 92192
Kailash C. Sharda M. : 94264 80722

# આ પત્રિકામાં સહભાગી થવા માટે......

- જો તમારા સ્વજનો ને ભાવભરી શ્રદ્ધાંજલી આપવી હોય તો અને સ્વજનની પુણ્ય તિથિ એ શ્રદ્ધાંજલી અર્પણ કરવી હોયતો તેની વિગત અને ફોટો મોકલવાના રહેશે. આ રીતે શ્રદ્ધાંજલી અર્પણ કરવાનું શુલ્ક રૂા. ૧૧૦૦/- રહેશે. પરંતુ જો તમારે ફકત મૃત્યુ નોંધ આપવી હોય તો તે નિઃશુલ્ક આપવામાં આવશે.

- તમારા ઘેર પુત્ર કે પુત્રી રત્નનો જન્મ થયો હોય તો તેમના જન્મ દિવસે શુભેચ્છા પાઠવવી હોય તો તેનું લખાણ અને ફોટો સહિત વિગત મોકલવી. ફોટો સહિત શુભેચ્છા પાઠવવાનું શુલ્ક રૂા. ૧૧૦૦/- રહેશે.

- લગ્ન તિથિ તેમજ ૨૫ વર્ષ (રજત જયંતિ) ૫૦ વર્ષ (સુવર્ણ જયંતિ) પૂરા કર્યા હોય તેને જો તમારા તરફથી શુભેચ્છા પાઠવવી હોય તો વિગત અને ફોટા મોકલવાના રહેશે જેનું શુલ્ક રૂા. ૧૧૦૦/- રહેશે. આવી શુભેચ્છા મિત્ર મંડળ, મહિલા મંડળ કે કુટુંબના સભ્યો તરફથી પાઠવી શકાય છે. જેને શુભેચ્છા પાઠવી રહ્યા છો તેના સત્કર્મોનું ભાથું પત્ર લખી ને મોકલી શકો છો.

- વડીલો ના અનુભવો, સંસ્મરણો અન્ય માહિતી, આભાર લેખ, સમાજના રીત-રિવાજો પણ અમને મોકલી શકો છો.

- તમારા ગામ કે શહેરમાં સમાજના કેટલાક સભ્યો દ્વારા વિશેષ યોગદાન રૂપી કરેલું કાર્ય અને તેની વિગતો પણ અમને લખીને મોકલી શકો છો.

- તમારા બાળકો એ કોઈ રમત-ગમત ક્ષેત્ર કે અન્ય પ્રવૃતિમાં કે પ્રતિષ્ઠિત કામ કર્યુ હોય અથવા રાષ્ટ્રીય કે અંતર રાષ્ટ્રીય કક્ષા એ હરિફાઈમાં ભાગ લીધો હોય તો તેની પણ વિગતો અમને ફોટો સહિત મોકલી શકો છો.

- દરેક ગામ કે શહેર માં ચાલતી મહિલા મંડળ, યુવક મંડળ અને સમાજના મંડળની પ્રવૃતિઓ વિષયે કાર્ય, સભ્ય સંખ્યા વગેરેની માહિતી પણ જરૂરથી મોકલવા વિનંતી.

- આ "ઢાટ માહેશ્વરી સંદેશ" આપણા સૌનું છે. અને આપણા સમાજના ઉત્કર્ષ અને ઉન્નતિ માટે શરૂ કરવામાં આવેલું છે. શુભ નિષ્ઠા, શુભ આશય અને સેવા ભાવના ના પ્રતિક રૂપે આ પત્રિકા સૌને નિઃશુલ્ક આપવામાં આવશે. તો તમારો સહકાર ખુબજ જરૂરી છે. તમારા સહકારની અપેક્ષા સાથે.

- તમારા વ્યવસાય પ્રતિષ્ઠાન જાહેરાત માટે છેલ્લા પાનાનાં રૂા. ૨૧,૦૦૦/- લેવામાં આવશે. અને અંદરનાં પાનામાં જાહેરાત માટે પૂરા પાના રૂા. ૧૫,૦૦૦/-, અડધા રૂા. ૭.૫૦૦/-, પા પાનું રૂા. ૫.૧૦૦/-લેવામાં આવશે.

- સ્કુલ તેમજ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ તેમના પરિણામ (માર્કસીટલ ફોટા સાથે) વહેલી તકે અમને મોકલવા વિનંતી કે જેથી અમો આવતા અંકમાં જે વિદ્યાર્થીઓ ઉચ્ચ શ્રેણીમાં ઉતિર્ણ થયેલા હશે તેમના ફોટા સથેના નામ પ્રકાશિત કરી શકીએં.

**"જય મહેશ"**

**નોંધ : આ પત્રિકાનો આવતો અંક જુલાઈ, ૨૦૧૫નાં પહેલા અઠવાડીયામાં પ્રકાશિત થશે. તો ઈચ્છુક વ્યકિત ઉપરની કોઈપણ વિગત નીચેના સરનામે ૧૫ જુન થી પહેલા મોકલી આપવા વિનંતી.**


## ઢાટ માહેશ્વરી ભવન

ગ્રાઉંડ ફલોર, ફલેટ નં. ૧-૨, સ્મૃતિ એપાર્ટમેંટ,
પોલીટેકનીકની સામે, પાંજરાપોળ રોડ,
આંબાવાડી, અમદાવાદ-૧૫,
ફોન : (૦૭૯) ૨૬૩૦૩૦૨૦
**મનસુખભાઈ : મો. : ૦૯૪૨૬૬૯૭૧૩૩**
E-mail : mcshah77@gmail.com

## રૂદ્રાક્ષ સ્ટેશનરી

શોપ નં. ૨૧/બી, પ્લોટ નં. ૧૩૮,
સેકટર-૮, સી.એલ.શર્મા કોમ્પ્લેક્ષ,
ઓસ્લો સિનેમાની પાસે, ગાંધીધામ (કચ્છ).
**અજીતભાઈ રામવાણી : ૯૮૨૫૨ ૨૭૦૧૪**
**વિપુલભાઈ કચોરિયા : ૯૮૯૮૪ ૩૮૫૩૧**
E-mail : ajitramwani@yahoo.com
: jaiambecarriers@gmail.com




પાલનપુર મુકામે આવેલ શ્રી થરી માહેશ્વરી સમાજ ભવન

### ઓલ ઈન્ડીયા ફેડરેશન ઓફ ઢાટ માહેશ્વરી સમાજ

રચના - મે- ૨૦૦૭
હેતુ-૫૦૦૦ પરિવારોનુ સંગઠન
વર્તમાન માં ચાલતી પ્રવૃતિઓ

- સામાજીક સુરક્ષા યોજનાનું સંચાલન
- દરદીઓ માટે રહેવાની વ્યવસ્થા.
- દરદીઓનાં સારવાર હેતુ આર્થિક સહયોગ.
- ત્રિ-માસિક પત્રિકાનું પ્રકાશન.
- ધંધાર્થિઓ માટે બિઝનેશ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ

### ઓલ ઈન્ડીયા ફેડરેશન ઓફ ઢાટ માહેશ્વરી સમાજ દ્વારા પ્રસ્થાવિત યોજનાઓ.

- વિધાર્થિઓ માટે આવાસ યોજના.
- તેજસ્વી વિધાર્થિઓ માટે શિષ્યવૃતિ.
- વિધાર્થિઓ માટે કેરીયર કાઉન્સલીગ પ્રોગ્રામ.
- ક્રેડીટ સોસાયટીની રચના.


## ઢાટ માહેશ્વરી ભવન

ગ્રાઉન્ડ ફ્લોર, ફ્લેટ નં. ૧-૨, સ્મૃતિ એપાર્ટમેંટ,
પોલીટેકનીકની સામે, પાજરાપોળ રોડ, આંબાવાડી, અમદાવાદ-૧૫ • ફોન : (૦૭૯) ૨૬૩૦૩૦૨૦